ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૨૯.૦ ડીગ્રી
લઘુતમ : ૨૬.૪ ડીગ્રી
ભેજ
સવારે ૯૭ ટકા ● સાંજે ૮૯ ટકા

# ટ્રક હડતાલને પગલે શાકભાજીના ભાવમાં ભડકો

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર શહેરમાં છેલ્લા ઘણા સમયથી શાકભાજીના ભાવમાં ભડકો થયો હતો.જેને પગલે શહેરના શાકમાર્કેટોમાં શાકના ભાવ આસમાનને આંબી રહ્યા હતા.ત્યારે હાલ ટ્રક હડતાલને પગલે શાકભાજીના ભાવમાં ૩૦ ટકા જેટલો ભાવ વધારો નોંધાયો છે. રૂ.૪૦ થી ૬૦ ના ભાવમાં વેચાણ થતું શાકભાજી હાલના સમયે કિલોના ભાવ રૂ. ૭૦ થી રૂ.૧૦૦ થયા છે. જેમાં ટામેટાના ભાવ બમણા થયા છે તો આદુના ભાવ અધધ વધી ગયા છે. જયારે અન્ય શાકભાજીની સાથોસાથ ગરીબોની કસ્તુરી રૂ.૨૦ તેમજ શાકમાં રાજા ગણાતા બટાટાનો ભાવ પણ કિલોના રૂ.૩૦ થઈ ગયા છે. જયારે શ્રાવણ માસ આવતા બટાટાનો ભાવ વધે તેવી શક્યતાઓ રહેલી છે. દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદને કારણે શાકભાજી નષ્ટ થઈ ગઈ છે તો બીજી તરફ બહારના રાજયમાંથી આવતી શાકભાજી ટ્રક હડતાલને કારણે આવી શકતી નથી. જેથી શાકભાજીની માંગ મુજબ જથ્થો ન આવતા કિલોના ભાવમાં વધારો થવા પામ્યો છે. શાકના ભાવ વધતા શહેરની મહિલાઓ ખરીદી કરતી વખતે સો વખત વિચાર કરી રહી છે. તો બીજીતરફ શાકના ભાવમાં ભડકો થતા કઠોળ પર ઘરોમાં વિશેષ ભાર મુકવામાં આવી રહ્યો છે. શાકના સ્થાને રોજ બરોજ વિવિધ કઠોળ રસોઈમાં બની રહ્યા છે. શાકભાજીનો પાક વધુ વરસાદ સહન ન કરી શકતો હોવાથી ચોમાસામાં સારા વરસાદની સાથે જ ઉત્પાદનને અસર થાય છે, આવક ઘટી જાય છે માંગ યથાવત રહેતા ભાવ વધુ ઉંચકાય છે. શહેરના શાકમાર્કેટમાં ગવાર, ટીંડોડા, પરવર, ચોળી, કોબી, ફલાવર, કારેલા, તુરીયા, ગલકા, મરચા, આદુ, ટામેટા, ધાણા, મેથી, દુધી, સહિતના ભાવ થોડા સમય પહેલા કાબુમાં હતા. પરંતુ વરસાદની સિઝન અને ટ્રક સંચાલકોની હડતાલને પગલે શાક માર્કેટમાં જ ભાવ બેકાબુ બનતા રીટેલ માર્કેટમાં ભાવ ઉંચકાયા છે. જેથી શહેરીજનો કયું શાક ખરીદવું અને કયું ન ખરીદવું તેની મથામણ અનુભવી રહ્યા છે.



## વાતવાતમાં

● ગાંધીનગરના સેકટર-૨૨માં વૃક્ષોની ટ્રીમીંગ કરવા ગયેલ કર્મમારીઓને એક વરિષ્ઠ નાગરિકે રોકયા હતા અને વૃક્ષો ઉછેરવામાં કેટલી મહેનત પડે છે તેવી દલીલો કરી રકઝક કરી હતી. જો કે કર્મચારીઓએ માંડ માડ વડિલને સમજાવ્યા હતા કે તેઓ વૃક્ષ કાપી નાંખવા માટે નહી માત્ર ટ્રીમીંગ કરવા આવ્યા છે જેથી ચોમાસાની ઋતુમાં વાવાઝોડા કે ભારે વરસાદમાં તે તુટી ના પડે.

● શહેરમાં કેટલાક સમયથી ગણતરીના સમયમાં ઓર્ડર મુજબનું ફુડ સર્વ કરતી ઓનલાઈન કોમર્શિયલ સર્વિસ પ્રચલિત બની છે.જો કે મોબાઈલ એપ થકી સર્વિસ આપતા ડિલીવરી બોયઝને મોબાઈલ લોકેશન મુજબ પહોંચવાનું હોય છે જે ડિલીવરી સ્થળથી થોડું આઘું પાછું બતાડતું હોવાથી આ ડિલિવરી બોયઝ ખૂબ પરેશાનીનો ભોગ બની રહ્યા છે.






ગાંધીનગર જિલ્લામાં ઘરફોડ ચોરી, ચેઈન સ્નેચીંગ, વાહનચોરી તથા અન્ય ગુનાઓને કાબુમાં લેવા મોડેલ ડિસ્ટ્રીકટ બનાવવાની કાર્યવાહીનો પ્રારંભ કરાયો છે જે અંતર્ગત ઈ-બીટ સીસ્ટમની રચના કરવામાં આવી છે. ઈ-બીટ સીસ્ટમ અંતર્ગત અસરગ્રસ્ત વિસ્તારોમાં ડિઝીટલ ટેગ લગાડાશે જે રાત્રિના સમયે પેટ્રોલીંગ કરનાર સ્ટાફે ફરજિયાત સ્કેન કરવાનું રહેશે. ટેકનોલોજીના ઉપયોગ વડે પોલીસ પેટ્રોલીંગ સઘન બનાવી ગુનાખોરી પર અંકુશ મેળવવાનો પોલીસ તંત્રનો પ્રયાસ રહેશે.

## ગાયત્રી મંદિરે યોગ શીખતા બે વિદેશી મહેમાનો

ગાંધીનગર, તા.૨૫

દિવ્ય જીવન સંઘ ગાંધીનગર શાખા દ્વારા છેલ્લા વીસ વર્ષથી નિશુલ્ક યોગના વર્ગો, શિબિરો, વ્યાખ્યાનોનું આયોજન આરોગ્ય દાનના ભાગરુપે કરવામાં આવે છે. સેકટર-૧ ગાયત્રી શકિતપીઠ ખાતે છેલ્લા ૧૯ વર્ષથી નિયમિત સવારે ૭ થી ૮.૧૫ કલાક સુધી યોગ શિબિર ચાલે છે. ગાયત્રી મંદિર ખાતે ચાલતી યોગ શિબિરમાં મુળ સાઉથ કોરીયાના નાગરીક જે.ડી.ચોઈ તેમજ મી.ચાર્લ્સ અમેરીકાથી ત્રણ ચાર મહિને આવે છે અને ૧૫ દિવસ થી વધુ રોકાય છે.ત્યારે આ બંન્નો વિદેશી મહેમાન નિયમિત રુપે યોગ શિબિરમાં જોડાય છે. ત્યારે તાજેતરમાં તા. ૨૪ જુલાઈના રોજ સવારે ૪ વાગે અમેરીકાથી ગાંધીનગર સેકટર-૧ માં ઘરે આવ્યા હતા. અને બંન્ને વિદેશી મહેમાન સહેજ પણ થાક અનુભવ્યા વિના સવારે ૭ કલાકે યોગ શિબિરમાં જોડાઈ ગયા હતા. અમેરીકાની લાંબી યાત્રા બાદ માત્ર ગણતરીના કલાકોમાં યોગ શિબિરમાં આવવુ તેમની આરોગ્ય પ્રત્યેની જાગૃતિ દર્શાવે છે જે અનુકરણીય છે. આરોગ્ય પ્રત્યેની સજાગતા ગુજરાતીઓમાં ખુબ જ ઓછી છે, તેના પ્રમાણમાં આ નાની બાબત પણ પ્રેરણાદાયી છે.

# ‘ગ’ માર્ગ પર ઘટાડેલ શહેરી બસ સેવા પુનઃ સ્થાપિત કરવા માંગ

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર અને અમદાવાદ ટવીન સીટી વચ્ચે એસ.ટી. તંત્ર દ્વારા વર્ષોથી શહેરી બસ સેવા પુરી પાડવામાં આવે છે જેનો પાટનગરના વિકાસમાં ખૂબ મોટો ફાળો છે. જો કે કેટલાક સમયથી આ બસ સેવા કથળથી હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. તેમાં હવે કેટલાક રૂટ પરથી બસોની સંખ્યા ક્રમશઃ ઘટાડી દેવામાં આવી હોવાથી જે તે વિસ્તારના નાગરિકો હાલાકી ભોગવી રહ્યા હોવાની રાવ ઉઠવા પામી છે.

પાટનગરના ‘ગ’ માર્ગ પરથી ચાલતી શહેરી બસ સેવાને કારણે સેકટર-૪, સે-૩-ન્યુ જેવા સેકટરોના વસાહતીઓને ઘણી સુવિધા રહે છે. આ રૂટ પર પહેલા દર કલાકે એક બસ મુકાઈ હતી જેમાં હવે ક્રમશઃ ઘટાડો થવા પામ્યો છે જેના કારણે આ વિસ્તારના રહીશો પરેશાનીનો ભોગ બની રહ્યા છે. આશ્ચર્યની વાત એ છે કે છેલ્લા કટેલાક સમયમાં ગ માર્ગને અડીને આવેલા ‘નવા’ સેકટરો તરીકે ઓળખાતા આ વિસ્તારનો વિકાસ ઝડપભેર થવાથી અહીં વસ્તીનું પ્રમાણ પણ વધવા પામ્યુ છે. આ પરિસ્થિતિમાં આ માર્ગ પર બસોની સંખ્યા વધારવાને બદલે ઘટાડવા પાછળ વાહન વ્યવહાર નિગમનો શો ઉદ્દેશ હોઈ શકે તે નાગરિકોની સમજ બહાર રહેવા પામ્યો છે. સતત બસોની સંખ્યા ઘટવાને કારણે આ વિસ્તારના રહીશો જેમાં ખાસ કરીને સિનિયર સિટીઝન્સ, મહિલાઓ અને વિદ્યાર્થીઓને તકલીફ પડી રહી છે. આ મુશ્કેલી અંગે સ્થાનિક કોર્પોરેટર પ્રવિણાબેન વોરા દ્વારા વાહન વ્યવહાર કમિશનરને પત્ર લખી ‘ગ’ માર્ગ પર બસોની સંખ્યા વધારવા લેખિત વિનંતી કરવામાં આવી છે. તેમણે આ માંગ અમદાવાદ તરફના સરખેજ રૂટ સહિત તમામ રૂટની બસો માટે કરી છે.





## ડિવાઈન જુનિયર પ્રિસ્કૂલમાં રેડ ડેની ઉજવણી

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર સેકટર-૬ની પ્રખ્યાત ડિવાઈન જુનિયર પ્રિસ્કૂલમાં નાના ભૂલકાંઓ માટે લાલ કલરની ઓળખ માટે રેડ ડેની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં બાળકોએ લાલ રંગના કપડાં પહેર્યા હતા અને લાલ હાથની હેન્ડપ્રિન્ટ લીધી હતી. બાળકો સાથે સ્ટાફના સભ્યોએ પણ લાલ કપડાં પહેરીને બાળકોનો ઉત્સાહ વધાર્યો હતો. આ પ્રસંગે સ્થાપક ગિરા ચૌધરીએ ઉગતા છોડને પાણી અર્પણ કર્યું હતું.

## ગુરૂપૂર્ણિમાએ અરવિંદ કેન્દ્ર ખાતે શાસ્ત્રીય સંગીતનો કાર્યક્રમ

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગરના સેકટર-૨૩માં શ્રી અરવિંદ કેન્દ્ર ખાતે આગામી તા. ૨૭મી જુલાઈ શુક્રવારના રોજ સાંજે ૬ કલાકે ગુરૂપૂર્ણિમાના અવસરે કેન્દ્રના વિદ્યાર્થીઓ દ્વારા શાસ્ત્રીય સંગીતના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. શ્રી અરવિંદ કેન્દ્રના સંગીત પ્રારંભિકથી માંડીને સંગીત વિશારદ સુધીના વિદ્યાર્થીઓ દ્વારા શાસ્ત્રીય ગાયન, તબલાવાદન અને બાંસુરી વાદન પ્રસ્તુત કરવામાં આવશે. આ કાર્યક્રમમાં કેન્દ્રના સંગીતવર્ગોના તમામ વિદ્યાર્થીઓ તથા સંગીત રસિક શ્રોતાજનોને જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## આર.જી.પટેલ કન્યા શાળાનું ગૌરવ



ગાંધીનગરના સેકટર-૧૬ ખાતે આવેલી મહાત્માં ગાંધી વિદ્યા મંદિર ખાતે તાજેતરમાં તાલુકાકક્ષાની અંડર-૧૯ માં કબડ્ડી, ખોખો, અને વોલીબોલની સ્પર્ધા યોજાઈ હતી. જેમાં આર.જી.પટેલ માધ્યમિક અને એસ.બી.પટેલ ઉ.મા.કન્યા શાળાની ધોરણ-૧૧ અને ૧૨માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓ કબડ્ડી, ખોખો અને વોલીબોલમાં પ્રથમ નંબર મેળવી જિલ્લાકક્ષાની સ્પર્ધા માટે કુલ ૩૦ વિદ્યાર્થીનીઓ પસંદગી પામી છે. શાળાની તમામ વિજેતા વિદ્યાર્થીનીઓને શાળાના વ્યાયામ શિક્ષિકા શિક્ષિકા ઉર્વશીબેન જોષી દ્વારા માર્ગદર્શન પુરુ પાડવામાં આવ્યું હતું. શાળાના આચાર્ય સુધાબેન પટેલ અને સુપરવાઈઝર રમેશભાઈ પટેલે વિજેતા ખેલાડી બહેનોને અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવી હતી.

# ઊવારસદમાંથી બકરા ચોરી જનાર ધોળકાની ગેંગ ઝડપાઈ

### અડાલજ પોલીસે ધોળકાની ગેંગના ચારેય સુત્રધારની કરી ધરપકડ

ગાંધીનગર, તા.૨૫

પાંચ દિવસ પહેલા અડાલજ નજીક આવેલા ઉવારસદ ગામમાં રાત્રિના સમયગાળા દરમિયાન ગાડી લઈને આવેલા બકરા ચોરો વાડામાંથી બકરાની ઉઠાંતરી કરીને ગેંગ ફરાર થઈ ગઈ હતી. આ મામલે અડાલજ પોલીસ મથકમાં નોંધાયેલી ફરિયાદ આધારે પોલીસે તપાસ શરૂ કરી હતી. દરમિયાન ધોળકા પોલીસેના હાથે આ ગેંગ ઝડપાઈ જવા પામી છે અને આ ગેંગે વાસદ ગામમાં કરેલી બકરા ચોરીની પણ કબુલાત કરી છે. જેના આધારે અડાલજ પોલીસ ધોળકાની ગેંગના ચારેય સૂત્રધારને ટ્રાન્સફર વોરંટથી લઈ આવી છે. ચારેય બકરા ચોરોની ધરપકડ કરીને અડાલજ પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.

પાંચેક દિવસ પહેલા ૨૦ તારીખે રાત્રિના અરસામાં સફેદ રંગની ગાડી લઈને પશુ ચોરો ઉવારસદ ગામમાં ત્રાટકયા હતા અને એક પશુપાલકના વાડાને ટાર્ગેટ કર્યો હતો. ઉવારસદ ગામના પગી વાસમાં રહેતા અરવિંદભાઈ ગોકાભાઈ દંતાણીના વાડામાંથી પશુ ચોરો બકરીઓ ચોરીને જતા રહ્યા હતા. અરવિંદભાઈ દંતાણીના વાડામાં ૨૧ બકરીઓ બાંધેલી હતી. આ વાડામાં ઘૂસીને ચોરો બકરીઓની ગળે બાંધેલી દોરી કાપીને તે પૈકીની સાત બકરી ઉઠાવી ગાડીમાં ભરી દીધી હતી અને સાતેય બકરીઓની ઉઠાંતરી કરીને ગાડી લઈને ચોરો ફરાર થઈ ગયા હતા. આ મામલે અરવિંદભાઈએ અડાલજ પોલીસ મથકમાં ચોરો સામે ફરિયાદ આપતા પી એસ આઈ એસ એસ બુલાને ચોરીનો ગુનો દાખલ કરીને પશુ ચોરો સુધી પહોંચવા તજવીજ શરૂ કરી હતી. દરમિયાન ધોળકા પોલીસના હાથે આ ગેંગ ઝડપાઈ ગઈ છે. ધોળકાની આ ગેંગના સૂત્રધારો અશરફ ઉર્ફે ગાંધી ગુલામ રસુલ મનસુરી, સલીમ ઉર્ફે માંજરો રજાકભાઈ મનસુરી, સમીર ઉર્ફે કાળીયો મહેબુબમિયા શેખ અને સાજીદ ઉર્ફે એક્કડ ઈબ્રાહિમ મલેક મળીને બકરા ચોરતી આ ગેંગના ચારેય સૂત્રધારોને ધોળકા પોલીસે ધરપકડ કરી કડક પૂછપરછ કરતા ઉવારસદ ગામની બકરા ચોરી પણ તેમણે કબૂલી છે. જેના આધારે અડાલજ પોલીસ ચારેય સૂત્રધારોને ધોળકા પોલીસ પાસેથી ટ્રાન્સફર વોરંટથી લઈ આવી છે અને આ વિસ્તારમાં અન્ય કેટલી ચોરીઓ કરી છે તે સહિતની ઊંડી પૂછપરછ શરૂ કરી છે.




ગાંધીનગરમાં પોલીસ પેટ્રોલીંગ દરમિયાન સેકટર-૨૮ના બગીચાના પાર્કિંગમાંથી એક ઈસમને નંબર પ્લેટ વગરની ચોરી કરેલ મોટર સાયકલ સાથે ઝડપી લેવામાં આવ્યો હતો. આ ઈસમ દહેગામ તાલુકાના વડવાસા ગામનો વિષ્ણુભાઈ મોહનભાઈ બજાણીયા છે જેણે પોતાના પ્રાંતિજ રહેતા સગા સંજય જગદીશભાઈ બજાણીયા પાસેથી આ મોટરસાયકલ ખરીદી હતી તેવું જણાવ્યું હતું.

# ચિલોડા પોલીસ મથકના બે કર્મચારીઓ સસ્પેન્ડ

### દારૂની બોટલ સાથે પકડાયેલા બે સગીર લોકઅપમાંથી ભાગી ગયા હતા : સગીર હોવા છતાં લોકઅપમાં પુરવા અને બેદરકારી રાખવા બદલ ચિલોડાના પી.એસ.ઓ અને પિકેટ બંનેને સસ્પેન્ડ કરી તેમની સામે ઈન્કવાયરી સોંપાઈ

ગાંધીનગર, તા.૨૫

ચિલોડા પોલીસે ત્રણેક દિવસ પહેલા બે સગીરોને વિદેશી દારૂની ૨૫ બોટલ લઈને બાઈક પર જતા પકડી પાડ્યા હતા. ચિલોડા પોલીસે કાયદાના સંઘર્ષમાં આવેલા બંને સગીર હોવા છતાં લોકઅપમાં પૂર્યા હતા અને આ બંને સગીર પોલીસને ચકમો આપીને લોક અપના ટોયલેટની બારી તોડીને ફરાર થઈ ગયા હતા. બે કલાકની જહેમત બાદ પોલીસે તે બંનેને શોધીને પકડી પાડ્યા હતા અને સમગ્ર મામલે ઢાંકપિછોડો કરી નાખ્યો હતો. આ પ્રકરણના ગાંધીનગર એસપીના ધ્યાને આવતા તેમણે બે જવાબદાર ચિલોડા પોલીસ મથકના પી.એસ.ઓ અને કિકેટ મળીને બંને પોલીસ કર્મચારીઓને સસ્પેન્ડ કરી તેમની સામે ખાતાકીય તપાસ શરૂ કરી છે. તો બીજી તરફ સગીર હોવા છતાં તેમને લોકઅપમાં કેમ પુર્યા તે અંગે પણ ઈન્કવાયરી શરુ કરવામાં આવી છે.

બનાવની વિગત એવી છે કે ત્રણેક દિવસ પહેલા ચિલોડા પોલીસે ચિલોડા સર્કલ પાસેથી બાઈક પર જતા બે સગીરને ૨૫ નંગ વિદેશી દારૂની બોટલો સાથે પકડી પાડયા હતા. બંને સગીર સામે કાયદેસરની કાર્યવાહી કરીને તેમને લોકઅપમાં પૂરી દેવામાં આવ્યા હતા. સગીરને લોકઅપમાં પુરવા ન જોઈએ તેનું ભાન પણ ચિલોડા પોલીસ ભુલી ગઈ હતી. એટલું જ નહીં ચિલોડા પોલીસ લોકઅપમાં પૂરી આ બંને સગીર લોકઅપની બારીની ગ્રીલ તોડીને ભાગી ગયા તેમ છતાં પોલીસને ખબર પણ ન પડી. આ જ કિસ્સામાં ચિલોડા પોલીસની બીજી એક ગંભીર બેદરકારી બહાર આવી હતી. ચિલોડા પોલીસે ભાગી ગયેલા સગીરોને પકડવા અલગ-અલગ ટીમો દોડતી કરી દીધી હતી અને આખરે બંનેને બે કલાકની જહેમતે પકડી પાડવામાં આવ્યા હતા. ચિલોડા પોલીસે આ તમામ ઘટનાઓ કાગળ પર લીધી ન હતી અને સમગ્ર ઘટનાને ઢાંકી દીધી હતી. જોકે ગાંધીનગર જિલ્લા પોલીસ અધિક્ષક વિરેન્દ્રસિંહ યાદવ ને આ ઘટના અંગે જાણ થતા તાત્કાલિક એકશન લેવામાં આવ્યા છે. ચિલોડા પોલીસ મથકમા પી.એસ.ઓ તરીકે ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ હનુવંતસિંહ ફુલસિંહ અને પિકેટ તરીકે ફરજ બજાવતા કોન્સ્ટેબલ જયેશભાઈ શામળભાઈ બંનેને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરીને તેમની સામે ઈન્કવાયરી શરૂ કરીને આ ઈન્કવાયરીની તપાસ એએસપી વિજય પટેલને સોંપવામાં આવી છે. તો બીજી તરફ લોક-અપમાંથી પોલીસને ચકમો આપીને ફરાર થઈ ગયેલા બંને સગીર સામે પણ ચિલોડા પોલીસ મથકમાં આઈપીસી ૨૨૪, ૧૧૪ મુજબ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

## સે-૨માં દિવ્ય જીવન સંઘ દ્વારા ગુરૂપૂર્ણિમા ઉજવાશે

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગરના દિવ્ય જીવન સંઘ દ્વારા ગુરૂપૂર્ણિમા મહોત્સવનું તા. ૨૭મી જુલાઈ શુક્રવારના રોજ સવારે ૮.૩૦ કલાકે સેકટર-૨-ડીમાં પ્લોટ નં. ૧૬૬૦/૧ ખાતે કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં ભાગ લેવા જાહેર જનતાને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## સે-૧૫ વસાહત મંડળના પ્રમુખ નિવૃત થયા

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર શહેરના સેકટર-૧૫ ફતેપુરા ગામના રહેવાસી અને વસાહત મંડળના પ્રમુખ ચંદુજી જીવાજી ઠાકોર વર્ષ ૨૦૦૨ થી સે-૧૫ વસાહત મંડળના પ્રમુખ તરીકે કાર્યભાર સંભાળતા છે, અને સેકટરના પ્રાણ પ્રશ્નોને વાચા આપતા હતા. પરંતુ ૭૮ વર્ષની વય હોવાથી તેઓથી હવે સામાજીક અને અન્ય કામોમાં દોડાદોડ થઈ શકતી નથી. જેથી તેઓએ રાજીખુશીથી સે-૧૫ વસાહત મંડળના પ્રમુખપદેથી ચંદુજી ઠાકોરે નિવૃતિ લીધી છે, પરંતુ તેઓની ધાર્મિક પ્રવૃતિ કાર્યરત રહેશે. તેમજ આજદિન સુધી ગામના નાગરીકોએ મને જે સાથ સહકાર આપ્યો તે બદલ ગામના નાગરીકોનો આભાર વ્યકત ચંદુજીએ કર્યો હતો. ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરુણભાઈ બુચના મંડળમાં મારી પ્રવૃતિઓ ચાલુ રહેશે.

### ચિરવિદાય

● સ્વ. પટેલ રઈબેન મથુરભાઈ, ઉ.વ. ૯૨